Seat No. : ______________

# MC-203

**May-2025**

**B.A., Sem.-II (Repeater)**

**CC-111 : Gujarati**

**(પદ્ય) પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક**

**(અર્વાચીન યુગ) ખંડ – 2, ગુચ્છ – 1**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

**સૂચનાઓ :** (1) આ પ્રશ્નપત્રમાં કુલ **પાંચ** પ્રશ્નો છે.
(2) જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

1. ઊર્મિકાવ્ય એટલે શું ? ઊર્મિકાવ્યના મુખ્ય-મુખ્ય લક્ષણો વિગતે સમજાવો. **14**

**અથવા**

1. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં ઊર્મિકાવ્યના ઉદ્‌ભવ અને વિકાસની રૂપરેખા આલેખો. **14**

2. કવિ દલપતરામના જીવનનો પરિચય આપી, "પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક" સંગ્રહના કવિ દલપતરામના અભ્યાસક્રમ પર આધારિત કાવ્યોની ટૂંકી રસલક્ષી સમીક્ષા કરો. **14**

**અથવા**

2. "પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક" સંગ્રહને આધારે ગુજરાતી સાહિત્યક્ષેત્રે કવિ કલાપીના અભ્યાસક્રમ પર આધારિત સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. **14**

3. ટૂંકનોંધ લખો : (કોઈપણ **બે**) **14**
   (1) "પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક"માં કવિ નર્મદના કાવ્યો
   (2) 'કાન્ત'ના શ્રેષ્ઠ ખંડકાવ્ય "વસંત વિજય"ની સમીક્ષા
   (3) "પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક"માં કવિ ન્હાનાલાલના ઊર્મિકાવ્યો
   (4) "પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક"માં કવિ બ.ક. ઠાકોરના સૉનેટ કાવ્યો

4. (A) નીચેનામાંથી કોઈપણ **બે** છંદ ઉદાહરણ સહિત સમજાવો : **8**
   (1) મંદાક્રાન્તા (2) પૃથ્વી (3) મનહર (4) ચોપાઈ
   (B) નીચેનામાંથી કોઈપણ બે અલંકાર ઉદાહરણ સહિત સમજાવો : **6**
   (1) ઉત્પ્રેક્ષા (2) શ્લેષ (3) વ્યાજસ્તુતિ (4) વર્ણાનુપ્રાસ

5. નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ **સાત** પ્રશ્નના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો : **14**

(1) કવિ દલપતરામ અને કવિ નર્મદ કયા યુગના કવિ છે ?
(a) સુધારાયુગ (b) આધુનિકયુગ (c) ગાંધીયુગ (d) અર્વાચીન

(2) "પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક" અર્વાચીનયુગ ખંડ - 2 (ગુચ્છ-1)ના સંપાદક કોણ છે ?
(a) સતીશ વ્યાસ (b) ચંદ્રકાન્ત શેઠ (c) જયંત પાઠક (d) ઉશનસ્

(3) "જય જય ! ગરવી ગુજરાત !" કયા કવિની કાવ્ય રચના છે ?
(a) દલપતરામ (b) નર્મદ (c) કાન્ત (d) કલાપી

(4) "પૂરી એક અંધેરી ને ગંડુ રાજા" કયા કવિની રચના છે ?
(a) કાન્ત (b) કલાપી (c) નર્મદ (d) દલપતરામ

(5) "રસહીન ધરા થૈ છે દયાહીન થયો નૃપ, નહીં તો ના બને આવું, બોલી માતા ફરી રડી." આ પંક્તિ કવિ કલાપીના કયા કાવ્યમાંથી લેવાય છે ?
(a) સનમની શોધ (b) આપની યાદી (c) ગ્રામમાતા (d) વધામણી

(6) કવિ કાન્તનું મૂળ નામ જણાવો.
(a) સુન્દરમ્ (b) મણિશંકર રત્નજી ભટ્ટ
(c) વિનય શંકર રત્નજી ભટ્ટ (d) પ્રેમશંકર રત્નજી ભટ્ટ

(7) પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક કાવ્યસંગ્રહના કયા કવિએ ડોલનશૈલીમાં કાવ્યો લખ્યા છે ?
(a) નર્મદ (b) કલાપી (c) કાન્ત (d) ન્હાનાલાલ

(8) કવિ બ.ક. ઠાકોરના "જૂનું પિયેર ઘર" કાવ્યનું સ્વરૂપ જણાવો.
(a) ખંડકાવ્ય (b) ઊર્મિકાવ્ય (c) ગઝલ (d) સૉનેટ

(9) શિખરિણી છંદમાં કેટલા અક્ષર હોય છે ?
(a) 21 (b) 19 (c) 17 (d) 14

(10) "કામિની કોકિલા કેલિ કુંજન કરે" આ પંક્તિમાં કયો અલંકાર આવે છે ?
(a) શ્લેષ (b) રૂપક (c) વર્ણાનુપ્રાસ (d) વ્યતિરેક

(11) "હણો ના પાપીને, દ્વિગુણ બનશે, પાપ જગના" આ પંક્તિમાં છંદ ઓળખાવો.
(a) શિખરિણી (b) મંદાક્રાન્તા (c) પૃથ્વી (d) મનહર

(12) "રવિ નિજ કર તેની ઉપર ફેરવે છે" આ પંક્તિમાં કયો અલંકાર આવે છે ?
(a) શ્લેષ (b) વ્યતિરેક (c) રૂપક (d) ઉપમા